PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ**

રજી. અને કોર્પોરેટ ઓફીસ, લક્ષ્મીનગર, નાના મવા મેઇન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૪

ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૭

e-mail : forum.pgvcl@gebmail.com website : www.pgvcl.com

CIN: U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૧(Review) / ક્વા-૩/૨૦૨૩-૨૪/૪૪૧-૫ તારીખ : ૨૦-૦૨-૨૦૨૪

રજી. એડી. પત્ર

**Review Order**

પ્રતિ,

મેં.દુહી એલોય સ્ટીલ પ્રોસેસર્સ

જી-૧૩૧૨, લોધિકા જીઆઈડીસી ડિશાન ગેટ કાલાવડરોડ,

મું. પો. : મેટોડા, તા. : રાજકોટ, જી. : રાજકોટ,

પીન કોડ. : ૩૬૦૦૨૧

મોબાઈલ : ૯૦૯૯૦૧૭૨૧૭

વિષય: CGRF રાજકોટના સંદર્ભિત ચુકાદા સામે રીવ્યુ અરજી અંગે બાબત.

સંદર્ભ: હુકમ નં.પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૧/કવા-૩/૨૦૨૩-૨૪/૬૧-૫, તા.૦૪.૦૧.૨૦૨૪

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ રીવ્યુ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(સી. જે. ગજેરા)

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૧(R)/ક્વા-3/૨3-૨૪ | ૫૫૧-૬ તા. ૨૦-૦૨-૨૫

## ::રીવ્યુ હુકમ::

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ.સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર-૨૧(R)/ક્વા-3/૨3-૨૪, તા.૨૨-૧૧-૨૦૨૩

અરજદાર : શ્રી મેં. દુહી એલોય સ્ટીલ પ્રોસેસર્સ, ગામ: રાવકી

રજૂઆત કરનાર : અરજદાર વતી તેમના પ્રતિનિધિશ્રી જયંતીલાલ નાગરભાઈ પટેલ

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય

રજૂઆત કરનાર : શ્રી કે.એચ.બક્ષી, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી-રાજકોટ

## :: કોરમ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી પી.જે.મહેતા

3) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : સદર રીવ્યુ કેસની ૦૮.૦૨.૨૦૨૪ (ગુરુવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

૧.૦ અરજદારશ્રી મેં. દુહી એલોય સ્ટીલ પ્રોસેસર્સ દ્વારા કરાયેલ રજૂઆત મુજબ ગ્રાહક નં -૨૮૭૮૧ અન્વયે ફોરમ દ્વારા કેસ નં પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૧/ક્વા-3/૨3-૨૪ તા.૨૦-૧૧-૨3 થી નોંધણી કરવામાં આવેલ જે અનુસંધાને સદરકેસની સુનાવણી તા.૨૨-૧૨-૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ, જે અન્વયે ફોરમ દ્વારા તા.૦૪-૦૧-૨૦૨૪ થી હુકમ અપાયેલ. સદર હુકમની સામે ફરિયાદી અરજદાર મેં. દુહિ એલોય સ્ટીલ પ્રોસેસર્સ દ્વારા ફોરમ સમક્ષ રીવ્યુ અરજી કરેલ જે અત્રેના ફોરમને તા.3૦-૦૧-૨૦૨૪ થી મળેલ છે, જે રીવ્યુ અરજીની નોંધણી ફોરમ દ્વારા તા.3૦-૦૧-૨૦૨૪ થી કરેલ છે.

## :: અરજદારની રજૂઆત ::

2.0 Applicant M/s Duhee Alloy Steel Process having consumer no. 28781 with Contract demand-1750 KVA, At: Metoda, Ta: Lodhika, Dist: Rajkot. Applicant have installed captive rooftop solar power project 787 KW.

2.1 As per CGRF order dt: 04.01.2024 applicant has submitted application to Executive Engineer, PGVCL, Rural Division office, Rajkot, on dated: 30.12.2023 but till not replied.

2.2 Applicant has represented the case of M/S Aerolam ltd, At: Dalpur, Ta: Prantij, Dist: Sabarkanth, registered at CGRF – UGVCL having case no. UGA 04-002-2022-23 and order issued on 04.01.2023. Accordingly representation of UGVCL has confirmed that connection released before 11.06.2021 in that case the banking charge will be not recoverable as per order of petition 1936 of 2021.

2.3 Applicant has submitted clarification of GUVNL regarding implementation of solar policy 2021 vide LN GUVNL/COM/2021/967 dated: 03.09.2021. It is stated as under
"..... It is to state that as directed by state government, GUVNL had filed petition before Hon'ble GERC for bringing appropriate modification in Tariff order/Regulations in lines with Gujarat Solar Power Policy 2021. Accordingly, GERC vide order dated:11.06.2021 has allowed the Petition and has decided that the solar Power Projects installed & commissioned after the date of notification of order shall be governed as per the provisions of order dated 11.06.2021 and the solar Power Projects installed & commissioned prior to order dated 11.06.2021 shall be governed as per the prevailing GERC tariff order/regulations applicable at the time of commissioning of solar projects."

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

2.4 As per the above clarification of UGVCL and GUVNL applicant has requested to give justice and directed to PGVCL to waive the banking charge, unit set off on monthly base and refund the recovered banking charges.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત પત્ર નં-૧૪૨૩ તા.૦૫-૦૨-૨૦૨૪ નીચે મુજબ કરેલ છે.

3.૧ અરજદાર દ્વારા ફોરમમાં કરાયેલ રજૂઆત અન્વયે ફોરમ દ્વારા તા.૦૪-૦૧-૨૦૨૪ ના રોજ ઓર્ડર ઇસ્યુ કરવામાં આવેલ હતો, જેના ક્લોઝ નં -૪.૪ હેઠળ જણાવ્યા મુજબ અરજદાર અને પીજીવીસીએલ વચ્ચે થયેલ એગ્રીમેન્ટના ક્લોઝ નં -૧૪ ધ્યાને લીધેલ નથી, તેમજ સદર ઓર્ડર અન્વયે ફરિયાદી અરજદાર દ્વારા બેન્કિંગ ચાર્જની વસુલાત બાબતે અરજદાર દ્વારા પીજીવીસીએલ સાથે સોલાર પોલીસી-૨૦૨૧ અંતર્ગત એગ્રીમેન્ટ કરેલ છે, પરંતુ અરજદારની રજૂઆત મુજબ સોલાર પોલીસી-૨૦૧૫ મુજબ ગણતરી કરવાની રજૂઆત કરેલ છે, જે અન્વયે ગ્રામ્ય વિભાગીય કચેરી દ્વારા પત્ર તા.૧૭-૦૧-૨૦૨૪ થી ગ્રામ્ય વર્તુળ કચેરી રાજકોટ પાસે જરૂરી માર્ગદર્શન માંગવામાં આવેલ છે.

3.૨ ફોરમ દ્વારા કરાયેલ હુકમમાં અરજદારે કરેલ એગ્રીમેન્ટની શરત નં-૧૪ નો ઉલ્લેખ કરેલ છે, તે મુજબ ૬૦-દિવસ પૂર્ણ થતા ન હોય, અરજદારની હાલની રીવ્યુ અરજીની રજૂઆત ગ્રાહ્ય ન રાખવા ફોરમ સમક્ષ વિનંતી કરેલ છે.

## ::હુકમ::

૪.૦ અરજદારે તથા સામાવાળાની લેખિત રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

tive Engineer, Dist: der

૪.૧ અરજદારની અગાઉની રજૂઆત અન્વયે તા.૨૦-૧૧-૨૦૨૩ ના રોજ ફરિયાદની નોંધણી કરેલ છે, જે અનુસંધાને ફોરમ દ્વારા જરૂરી સુનાવણી થયા બાદ તા.૩૦-૦૧-૨૦૨૪ ના રોજ હુકમ કરવામાં આવેલ છે, તે મુજબ હુકમના ક્લોઝ નં -૪.૯ નીચે મુજબ નોંધાયેલ છે.

**"અરજદાર દ્વારા ઉલ્લેખ કરાયેલ નામદાર જીઈઆરસી પીટીશન નં-૧૯૩૬/૨૦૨૧ તા.૧૧-૦૬-૨૦૨૧ ના ઓર્ડર અન્વયે અરજદાર અને સામેવાળા વચ્ચે સોલાર ઇન્ટર કનેક્શન માટેના પ્રોવિઝનલ એગ્રીમેન્ટમાં કોઈ સુધારા-વધારા થયેલ હોય તેની કોઈ રજૂઆત કરવામાં આવેલ નથી. વધુમાં અરજદારની સદર રજૂઆત મુજબ, બન્ને પક્ષકારો વચ્ચે થયેલ વ્હીલીંગ એગ્રીમેન્ટ અન્વયે તેમજ નામદાર જીઈઆરસી દ્વારા અપાયેલ હુકમ નં-૧૯૩૬/૨૦૨૧ તા.૧૧-૦૬-૨૦૨૧ અનુસંધાને અર્થઘટન બાબતેની હોય, અરજદારની અરજી પરત્વે કોઈ ગુણદોષનું અવલોકન કરવામાં આવેલ નથી, અને જેથી અરજદારની રજૂઆત અન્વયે કોઈ હુકમ કરવાનો રહેતો નથી."**

૪.૨ નામદાર જીઈઆરસીના નોટીફીકેશન નં. ૦૨ / ૨૦૨૦ ના મુદ્દા નં ૨.૬૪ નીચે મુજબ નોંધાયેલ છે.

**"૨.૬૪ કોઇપણ વ્યક્તિ, ફોરમ સમક્ષના હુકમની સમીક્ષા માટેની અરજી જે તેને જાણમાં નહોતી અથવા હુકમ પસાર કરાય તે સમયે તે રજૂ કરી શકાઇ નહોતી અથવા રેકર્ડની પર કોઇ ભૂલ કે દેખાતી ભૂલને કારણે, યોગ્ય મહેનત કર્યા પછી તેવી નવી અને અગત્યની બાબત કે પુરાવો શોધી કાઢવાથી યથાપ્રસંગ, હુકમ કર્યાની તારીખથી ત્રીસ(૩૦) દિવસની અંદર દાખલ કરી શકશે."**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૩ અરજદાર દ્વારા કરાયેલ અગાઉની રજૂઆત અનુસંધાને તા.૦૪-૦૧-૨૦૨૪ ના રોજ હુકમ કરવામાં આવેલ, જે અન્વયે અરજદાર દ્વારા સદર હુકમ સામે રીવ્યુ અરજી કરેલ છે, જે અત્રેના ફોરમને તા.૩૦-૦૧-૨૦૨૪ ના રોજ મળેલ, જેની નોંધણી તા.૩૦-૦૧-૨૦૨૪ થી કરવામાં આવેલ, જેની સુનાવણી તા.૦૮-૦૨-૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ.

૪.૪ અરજદાર અને પીજીવીસીએલ સાથે થયેલ પ્રોવિઝનલ ઇન્ટર કનેકશન એગ્રીમેન્ટ તા.૨૦-૦૫-૨૦૨૧ સોલાર પોલીસી-૨૦૨૧ હેઠળ થયેલ છે, તે મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા બીલમાં ગણતરી કરવામાં આવે છે.

૪.૫ અરજદારની રજૂઆત મુજબ નામદાર નામદાર જીઈઆરસીના પીટીશન નં -૧૯૩૬/૨૦૨૧ તા.૧૧-૦૬-૨૦૨૧ ના ઓર્ડર અન્વયે ચાર્જીસ અને સેટઓફની ગણતરી કરવાની રજૂઆત છે, જે બાબતે અરજદાર દ્વારા જીયુવીએનએલના પત્ર નં - જીયુવીએનએલ/કોમ/૨૦૨૧/૯૯૭ તા.૦૩-૦૯-૨૦૨૧ નો ઉલ્લેખ કરેલ છે, તેમજ અરજદાર દ્વારા અગાઉની રજૂઆતમાં તેમજ હાલની રીવ્યુ અરજીમાં યુજીવિસીએલ હેઠળના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં નોંધાયેલ M/S Aerolam ltd, At: Dalpur, Ta: Prantij, Dist: Sabarkanth ના કેસ નં UGA 04-002-2022-23 નો ઉલ્લેખ કરેલ છે, તેના હુકમ Dt:04.01.2023 મુજબ કનેક્શન પીટીશન નં ૧૯૩૬/૨૦૨૧ ના હુકમ તા.૧૧-૦૬-૨૦૨૧ પહેલા રીલીઝ થયેલ હોવાથી બેન્કિંગ ચાર્જ લાગુ પડતો નથી.

૪.૬ સદર કેસમાં અગાઉ ફોરમના હુકમ તા.૦૪-૦૧-૨૦૨૪ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારની રજૂઆત તા.૦૧-૦૧-૨૦૨૪ અનુસંધાને જરૂરી માર્ગદર્શન તા.૧૭-૦૧-૨૦૨૪ થી ગ્રામ્ય વર્તુળ કચેરી રાજકોટ માંગવામાં આવેલ છે. ફોરમના હુકમમાં અરજદાર દ્વારા કરાયેલ એગ્રીમેન્ટના ક્લોઝ નં -૧૪ નો

ઉલ્લેખ કરેલ છે, તે મુજબ અરજદાર રજૂઆત કરે ત્યારબાદ દિવસ-૬૦ અથવા બન્નેની સહમતીથી વધારાનો સમય લઇ વિવાદનું નિરાકરણ કરવાનું રહે છે. આમ, સદર રજૂઆતને દિવસ-૬૦ પૂર્ણ થયેલ નથી.

૪.૭ ઉપરોક્ત બાબતો ને ધ્યાનમાં લેતા તા.૦૪-૦૧-૨૦૨૪ રોજ અપાયેલ હુકમ યથાવત રાખવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (પી.જે.મહેતા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot